Received on : 09-07-2026
Registered on : 09-07-2026
Decided on : 22-07-2026
Duration : Y M D
- - 13

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૫૫૫/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** નાથાભાઈ ગલાભાઈ કોડીયાતર,
ઉ.વ.આ.૪૦, ધંધો–વેપાર,
રહે. વાડી વિસ્તાર, પીપરીયાસીમ,
બોરડી, રાણાબોરડી, જી.પોરબંદર.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.

**ગુન્હો :–** પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૩૮ મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૨૯૨/૨૦૨૫

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એ.એ.માકડીયા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ તાલુકા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૨૯૨/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧ ૬(બી), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૩૮ મુજબના ગુનાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ અન્વયે આ આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી એ.એ.માકડીયાનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી એસ.કે.ડામોર, પોલીસ સબ ઈન્સપેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એ.માકડીયાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૫૨૫૦૨૯૨/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૩૮ મુજબની ફરીયાદ નોંધવામાં આવેલ છે. તે ગુનાના કામે અરજદાર/આરોપીની ધરપકડ થવાની દહેશત હોય હાલની અરજી લાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે મુખ્ય આરોપી રાકેશ લાખા કોડીયાતરના પોલીસના નિવેદનમાં જુના જજમેન્ટના આધારે હાલના કામના અરજદાર/આરોપીનું નામ ગુનામાં આપવામાં આવેલ છે.

ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના કામના અરજદાર/આરોપી જગ્યા બતાવવા માટે આવેલ હતા તેવું રહેલ છે. વધુમાં હાલના કામના તપાસ કરનારના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીને પકડવાના બાકી આરોપી તરીકે નામ જણાવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ એફ.આઈ.આર. રદ કરવા અંગે નામદાર હાઈકોર્ટ સમક્ષ ક્રિ.મી.એ.નં.૫૨૨૦/૨૦૨૬ થી દાખલ કરવામાં આવેલ હતી. પરંતુ તે સમયે મુખ્ય આરોપી નં.૧ ના જામીન મંજુર થયેલ ન હોવાથી એડવોકેટની કાયદાકીય સલાહ અન્વયે તેઓની અરજી વિડ્રો કરવામાં આવેલ. વધુમાં રજુઆત કરેલ છે કે, અગાઉ પકડાયેલ આરોપી રાકેશ લાખાભાઈ કોડીયાતરનાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ક્રિ.મી.એપ્લીકેશન નં.૨૨૭૭૦૩/૨૦૨૫ થી જામીન અરજી કરેલ જે લગત નામદાર હાઈકોર્ટે તેઓને જામીન મુકત કરેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ ૨૦૨૧ માં ગુનો કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ પ્રોહીબીશન અંગેનો નથી. હાલના કામે અરજદાર/આરોપી સીંગદાણાનો વેપાર કરે છે અને ઈમ્પોર્ટ–એકસપોર્ટથી સીંગદાણાનું વેચાણ કરે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ પણ હાલના કામના અરજદાર/આરોપીને પકડવાના બાકી તરીકે જણાવેલ નથી. અરજદાર/આરોપી કોઈ જગ્યાએ નાસી ભાગી જાય તેમ નથી તેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જ્યારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી એ.એ.માકડીયાનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે હાલના ગુનાના કામે પ્રોહીબીશન દારૂનો જથ્થો ધ્યાને લેવામાં આવે તો કુલ પેટી નંગ–૩૭૬, કુલ બોટલ નંગ–૧૪૯૧૬ કુલ કિં.રૂા.૬૦,૩૪,૮૦૦/– નો મુદ્દામાલ રેડ દરમ્યાન

પકડાયેલ છે. આ કામના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા અરજદારનો ગુનામાં રોલ ધ્યાને લેતા અરજદારની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, રેકર્ડ તથા તપાસ કરનાર અધિકારી શ્રી એસ.કે.ડામોર, પોલીસ સબ ઈન્સપેકટર, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાઓનું આંક–૦૬ નું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપીએ પોતાના કબજામાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી પેટીઓ નંગ–૩૭૬ કુલ બોટલ ૧૪૯૧૬ કુલ કિં.રૂા.૬૦૩૪ ૮૦૦/– નો રાખી તથા વાહન અશોક લેલન્ડ પીકઅપ જેવું જેના રજી.નં .જીજે.૭.ટી.યુ.૨૮૬૧ વાળું લઈ નાસી જઈ ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામેનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામે ગુનાની ફરીયાદ સને–૨૦૨૫ ની સાલમાં આપવામાં આવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામે અરજદાર આરોપીઓએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, તપાસ દરમ્યાન આરોપી રાકેશ લાખા કોડીયાતરનાઓની પુછપરછ દરમ્યાન રાજુભાઈ કાળાભાઈ કોડીયાતરનાએ મોકલાવેલ હોવાનું અને પકડાયેલ ગાડી લઈને રાજુનો માણસ લાવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના સોગં દનામા મુજબ હાલના કામે નાસતા ફરતા પકડવાના બાકી આરોપી રાજુ ગલાભાઈ કોડીયાતરનાઓ રહેલ છે અને તે મળી આવેલ નથી. તેમજ તેઓના ઘરના સરનામે તપાસ કરવા છતાં પણ ઘરના એકપણ સભ્ય મળી આવેલ નથી અને તે સંજોગોમાં હાલના કામના અરજદાર/આરોપી તથા નાસતા ફરતા આરોપી એકજ હતા કે કેમ ? તે અંગે કોઈ સ્પષ્ટતા હાલ સુધી તપાસ દરમ્યાન થઈ શકેલ

નથી. તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપી સામે રાણાવાવ પોલીસ સ્ટેશનમાં એક ગુનો નોંધાયેલ છે. વધુમાં હાલના કામનો ગુનો ધ્યાને લેવામાં આવે તો, પ્રોહીબીશનનો ગુનો રહેલ છે અને ગુજરાત રાજયમાં દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં પ્રોહીબીશનનો દારૂ ઘુસાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે અને આરોપી રાકેશ ઉર્ફે રાકલો લાખાભાઈ જીવનભાઈ કોડીયાતરને પકડવામાં આવેલ છે. વધુમાં સદરહુ આરોપીને નામ. હાઈકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. જોકે તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ આ કામે નાસતા ફરતા આરોપી રાજુભાઈ ગલાભાઈ કોડીયાતરનાઓ રહેલ છે અને જેઓ મળી આવેલ નથી અને હાલના કામે અરજદાર તથા નાસતા ફરતા આરોપી પકડવાના બાકી છે તે એક જ છે કે કેમ ? તે કોઈ સ્પષ્ટતા થઈ આવેલ નથી. જેથી તે બાબતેની ગુનાની તપાસ તે દિશામાં થવી જરૂરી બને છે. વધુમાં હાલના કામેનો ગુનો ધ્યાને લેતા પ્રોહીબીશનનો રહેલ છે અને સમાજ વિરુધ્ધનો રહેલ છે. તે સંજોગોમાં હાલની અરજી મંજુર કરવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

- હાલના અરજદાર/આરોપી નાથાભાઈ ગલાભાઈ કોડીયાતર, રહે.વાડી વિસ્તાર, પીપરીયાસીમ, બોરડી, રાણાબોરડી, જી.પોરબંદરવાળાની જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૫૨૫૦૨૯૨/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૩૮ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨

અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૭/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)